GJCU070026362024

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| **પ્રાપ્તી તારીખ** | ૧૦/૧૦/૨૦૨૪ | | |
| **નોંધ્યા તારીખ** | ૧૦/૧૦/૨૦૨૪ | | |
| **ફેસલ તારીખ** | ૦૧/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૧** | **૦૩** | **૨૦** |

**ફોજદારી કેસ નં.૧૪૪૧/૨૦૨૪**

**આંક :–**

# <u>મે. જ્યુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી યુ.ડી.જાંબુની કોર્ટમાં, બોડેલી</u>

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **વિ....રુ....ઘ્ધ** | |
| **આરોપીઓ** | (૧) વિઠ્ઠલભાઈ સોમાભાઈ તડવી **(એબેટ)**<br>(૨) હસમુખભાઈ વિઠ્ઠલભાઈ તડવી<br>રહે. આંબાપુરા,તા. સંખેડા, જી. છોટાઉદેપુર |

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ**

**<u>રજુઆત</u>**

**ફરિયાદી તર્ફે વિદ્વાન એપીપી શ્રી, બી. એ. વસાવા**

**આરોપીઓ તર્ફે વિદ્વાન વકીલ શ્રી, એચ.એચ. જયસ્વાલ**

# –::: ચુ કા દો :::–

૧. **ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

તા.૧૪/૧૨/૨૦૨૨ ના ક.૨૩/૦૦ વાગ્યાના સુમારે મોજે ફાજલપુર વિનોદભાઈ રઘાભાઈ કોળીના ખેતર આગળ આવેલ આ કામના ફરીયાદી ઓરડીની બહાર સુતા હતા તે વખતે આ કામના આરોપીઓએ રાતના આશરે ૧૧ : ૦૦ વાગે પોતાના હાથમા વાસની લાકડીઓ લઈ આવી અચાનક હસમુખભાઈ વિઠૃલભાઈ તડવીએ તેના હાથમાની લાકડી ફરીયાદીના માથાના કપાળના ભાગે મારી, "તુ મારી બયરી સાથે આડા સબંધ કેમ રાખે છે જેથી મારી બયરી નાશી જાય છે" તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલી, વિઠૃલભાઈએ પણ તેના હાથમાની લાકડી ફરીયાદીને જમણા ખભાના ભાગે મારી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, એક બીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય, ફરિયાદીએ તે અંગે ફરિયાદ કરતા બોડેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાયેલ છે.

૨. સદર ફરિયાદ સંદર્ભે ગુન્હો નોંધાતાં તપાસ કરનારે ગુન્હાવાળી જગ્યાનું તથા ગુનામાં વાપરેલ લાકડી કબજે કર્યાનું પંચનામુ કરેલ તેમજ લાગતા –વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ અને જરૂરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદવાળા ગુન્હાના કામે પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ અદાલતમાં ફાઈલ કરવામાં આવેલ છે.

૩. ત્યારબાદ સદર કામે અદાલત દ્વારા આરોપીઓ વિરુધ્ધ સમન્સની બજવણી કરવામાં આવતા આરોપીઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પુરી પાડવામા આવેલ અને આરોપીઓ વિરુધ્ધ **આંક–૦૪ થી તહોમતનામુ** ફરમાવી, વાંચી સંભળાવી તેઓનું **આંક–૦૫ તથા ૦૬ મુજબનાં નિવેદન** રેકર્ડ કરવામા આવેલ છે. જેમાં આરોપીઓએ તેમની સામેના

ગુનાનો ઈન્કાર કરી કેસ ચલાવવાની માંગણી કરતાં આ કામ ફરિયાદપક્ષનાં પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ હતુ.

આ કામના તહોમતદાર નં.૧–વિઠ્ઠલભાઈ સોમાભાઈ તડવીનો આંક –૧૩ થી રજુ થયેલ મરણનો દાખલો વંચાણે લઈ તેઓ વિરૂધ્ધનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

૪. ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપીત તહોમત મુજબનો કેસ પુરવાર કરવા નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u>**

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | જયંતીભાઈ જેઠાભાઈ નાયક | ફરીયાદી/ઇજા પામનાર | ૧૫ |

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u>**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૬ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૭ |
| ૩ | આરોપીઓની શરીરસ્થિતિ તથા ગુનામાં વાપરેલ લાકડી કબજે કર્યાનું પંચનામુ | ૧૮ |
| ૪ | ફરિયાદીનું સારવારનું સર્ટીફીકેટ | ૧૯ |

ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી મારફતે **આંક–૨૦** થી કલોઝીગ પુરસીસ રજુ રાખેલ છે. જે રજુઆત ધ્યાને લઈ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. સદર કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ સાથે વાંચતા કલમ–૨૮૧ મુજબ

આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે **વિ.એ.પી.પી.શ્રી, બી. એ. વસાવા**ની તથા આરોપીઓ તર્ફે તેઓના **વિ.વ.શ્રી, એચ.એચ. જયસ્વાલ** નાઓની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** હાલનાં કામની ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલા તમામ પુરાવાઓ વંચાણે લેતા તેમજ ઉભયપક્ષની દલીલો ધ્યાને રાખતા હાલના કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## ::: મુ દ્દા :::

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવુ સાબીત કરી શકેલ છે કે, આ કામના આરોપીઓએ તા.૧૪/૧૨/૨૦૨૨ ના ક.૨૩/૦૦ વાગ્યા ના સુમારે મોજે ફાજલપુર વિનોદભાઈ રઘાભાઈ કોળીના ખેતર આગળ આવેલ આ કામના ફરીયાદી ઓરડીની બહાર સુતા હતા તે વખતે આરોપીઓએ રાતના આશરે ૧૧ : ૦૦ વાગે પોતાના હાથમા વાસની લાકડીઓ લઈ આવી અચાનક હસમુખભાઈ વિઠ્ઠલભાઈ તડવી એ તેના હાથમાની લાકડી ફરીયાદીના માથાના કપાળના ભાગે મારી, "તુ મારી બયરી સાથે આડા સબંધ કેમ રાખે છે જેથી મારી બયરી નાશી જાય છે" તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલી, વિઠ્ઠલભાઈએ પણ તેના હાથમાની લાકડી ફરીયાદીને જમણા ખભાના ભાગે મારી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, એકબીજાની મદદગારી કરી **ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) , ૧૧૪** મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો ને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## ::: કા ર ણો :::

**મુદ્દા નં.૧**:—

૭. અત્રે ઉલ્લેખનીય છે કે, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેના આક્ષેપ મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી એ ગુન્હો કરેલ નથી તેવું માની આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરૂધ્ધ કરવામાં આવતા આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે. આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપીત કલમો ના મહત્વના તત્વો ધ્યાને રાખતા ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવી જોઈએ કે, આ કામનાં આરોપીઓએ ઈજા પામનાર ફરિયાદીના કોઈપણ ગંભીર અને ઓચીંતા ઉશ્કેરાટ વિના તેઓને ગાળો આપી તેમજ વાંસની લાકડીનો માર મારી સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી તથા ફરિયાદી સુલેહનો ભંગ કરે તે રીતે તેમને ઉશ્કેરી ઈરાદાપૂર્વક અપમાન કરેલ છે અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે.

**હાલનાં કામે ફરિયાદપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં,**

**૭.૧—** ફરિયાદપક્ષે આ કામના મહત્વનાં **ફરિયાદી—જયંતીભાઈ જેઠાભાઈ નાયક** ને **આંક—૧૫** થી સોગંધ ઉપર તપાસેલા છે. ફરિયાદીએ જુબાની દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, આશરે ૪—વર્ષ પહેલા રાત્રીના ૧૧ વાગ્યાના અરસામા વિનોદભાઈ રઘાભઘાઈ કોળીના ખેતરમા ગયેલ તે વખતે હસમુખ ભાઈ વિઠ્ઠલભાઈ તડવી અને વિઠ્ઠલભાઈ સોમાભાઈ તડવી સાથે ખેતર સાચવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે દરમ્યાન અચાનક પડી જવાથી તેઓને ઈજાઓ થયેલી. જેથી તેઓએ ફરીયાદ કરેલ હતી. જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી **આંક—૧૬** થી **ફરીયાદ** પુરાવામાં રજુ રાખેલ છે.

તેઓએ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. સદર ફરીયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન થાય તેવી કોઈ મહત્વની હકિકત જણાવતા ન હોય ફરિયાદપક્ષે તેમને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ છતા પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

સદર ફરીયાદીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઈ બનેલુ નથી, બનાવમાં આરોપીઓએ તેઓને કોઈ હથીયાર વડે ઈજા કરેલી હોય કે, મારા મારી કરી ગાળો બોલેલા હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલુ નથી, તેઓને કોર્ટ બહાર સામાધાન થઈ ગયેલ છે.

૮. વધુમાં, આ કામે ફરિયાદપક્ષે બચાવપક્ષની સંમતીથી **આંક–૧૭** થી ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામુ, **આંક–૧૮** થી આરોપીઓની શરીરસ્થિતિ તથા ગુનામાં વાપરેલ લાકડી કબજે કર્યાનું પંચનામુ તથા **આંક–૧૯** થી ફરીયાદીને થયેલ ઈજા અંગેનુ સારવાર સર્ટીફીકેટ પુરાવામાં રજુ રાખેલ છે.

આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો **<u>સતીષ મેહરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ૮૫,</u>** નો ચુકાદો ધ્યાને લેવામાં આવેતો આ ચુકાદા મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસ ને સમર્થન આપેલ ના હોય ત્યારે બાકીના સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નીરીક્ષણ કરેલ છે કે :–

" When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

આમ, ના.સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાને માનભેર વંચાણે લઈ હાલના કામે બનાવમાં મહત્વનાં ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદે ફરિયાદ

ની હકીકતોને સમર્થન કરેલ ન હોય તેવા સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવામાં આવેલ નથી.

આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ દ્વારા આ કામે રજૂ કરવામાં આવેલ નથી.

## ::: પુરાવાનું મુલ્યાંકન :::

૯. આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે તપાસેલ મહત્વના ફરિયાદીએ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલાની હકિકત જણાવે છે, અને પડી જવાથી તેઓને ઈજા થયેલા ની હકીકત જણાવેલ છે, બનાવમાં આરોપીઓએ એકબીજાની મદદગારી માં ફરીયાદીને ગાળો બોલી, વાંસની લાકડીથી માર મારી સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડેલ હોય કે, જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવી કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

આમ, હાલના કામે બચાવપક્ષની સંમતિથી રજુ થયેલ પંચનામાઓ તથા ઈજા પામનારના સારવારના પ્રમાણપત્રો ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. આ સંજોગોમાં આરોપીઓ વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની આક્ષેપીત કલમો મુજબનો ગુનો પુરવાર માની શકાય તેમ નથી.

૧૦. આમ, ફરિયાદપક્ષે રજુ પુરાવાઓની તેમજ દલીલોની ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદપક્ષ આ કામનાં આરોપીઓ વિરુઘ્ધનાં આક્ષેપીત **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબ નો ગુનો નિઃશંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં.૧** નો જવાબ **"નકાર"** માં આપવામાં આવે છે. તથા **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: આ ખ રી હુ ક મ :::

**૧.** આ કામના તહોમતદાર નં.૨. હસમુખભાઈ વિઠૃલભાઈ તડવી રહે. આં બાપુરા,તા. સંખેડા, જી. છોટાઉદેપુર નાઓને ફોજદારી કાર્યરિતી સં હિતાની કલમ–૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનાં શિક્ષા ને પાત્ર ગુન્હામાંથી **"નિર્દોષ"** ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામના તહોમતદાર નં.૧– વિઠૃલભાઈ સોમાભાઈ તડવી વિરૃધ્ધનો કેસ એબેટથી ફેસલ કરવામાં આવેલ છે.

**૨.** આ કામે જપ્ત કરવામા આવેલ બિનકિંમતી મુદ્દામાલ હથીયાર લાકડી નો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામના તહોમતદારે અગાઉ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૧ લી, માહે–જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૦૧/૦૭૨૦૨૬**
**સ્થળ : બોડેલી**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક.,**
**બોડેલી**
**JUDGE CODE GJ01463**

// AGB //